# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૪/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા યોજાયેલા ઓનલાઇન સેશનમાં SMEs ના મહત્તમ ગ્રોથ માટે ઉદ્યોગ સાહસિકોને બેઝીક – એડવાન્સ મોડેલ વિશે માહિતગાર કરાયા

### ‘SMEs નો મહત્તમ ગ્રોથ કઇ રીતે કરી શકાય? વિષય ઉપર ઓનલાઇન સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ઝુમ એપ્લીકેશનના માધ્યમથી ‘SMEs નો મહત્તમ ગ્રોથ કઇ રીતે કરી શકાય? વિષય ઉપર ઓનલાઇન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે વાધવાની એડવાન્ટેજના એકઝીકયુટીવ વાઇસ પ્રેસિડેન્ટ સમીર સાઠે દ્વારા ઉદ્યોગકારોને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમીર સાઠેએ ઉદ્યોગ સાહસિકોને બિઝનેસને એમ્પાવર કરવા માટે મેનેજમેન્ટ વિશે માહિતી આપી હતી. તેમણે ડિસીઝન મેકીંગમાં ડેટાનો ઉપયોગ કરી ગ્રોથ સ્ટ્રેટેજીસ બનાવવામાં આવે છે તેમ જણાવ્યું હતું. કંપનીની પ્રોડકટ પોર્ટફોલિયો કઇ રીતે વધારવો જોઇએ અને સ્પર્ધામાં કઇ રીતે ટકાવી શકાય? તે વિશે સમજણ આપી હતી. કંપનીના પ્રોબ્લેમ્સ કેવી રીતે એનાલિસિસ કરી શકાય તે અંગે જણાવી કસ્ટમરના માર્કેટ પ્રાઇઝ વિશે માહિતી આપવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, તેમની પાસે રૂપિયા ૨૦ કરોડથી ઓછા અને વધારે ટર્નઓવરવાળી કંપનીઓ માટે જુદા–જુદા ક્રાઇટેરીયા છે. આ કંપનીઓને તેમના પ્રોગ્રામમાં રજિસ્ટર્ડ કરીને તેઓને બેઝીક નોલેજ આપીને

બિઝનેસના ગ્રોથ માટે પડતી સમસ્યાઓને સમજવામાં આવે છે. તેમના દ્વારા એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે અને આર્ટીકલ તથા ફ્રેમવર્કનું નોલેજ આપવામાં આવે છે. જે રીતે ડોકટર બિમારીની જાણકારી મેળવવા માટે વિવિધ ટેસ્ટ રિપોર્ટ કરે છે એવી રીતે બિઝનેસને નડતી સમસ્યાને ઓળખવા માટે ટેસ્ટ કરવામાં આવે છે. વધુમાં તેમણે ઉદ્યોગ સાહસિકોને બેઝીક મોડેલ અને એડવાન્સ મોડેલ વિશે માહિતી આપી હતી.

ગિરીશક્રિષ્ણા કૈમલે જણાવ્યું હતું કે, કંપનીના ગ્રોથ માટે તેમના દ્વારા કંપનીના બેઝીક અને મેજર ઇશ્યુ ઓળખવામાં આવે છે. ત્યારબાદ ટ્રાન્સફોર્મેશન ફેઝનો ઉપયોગ કરવામાં આવે છે. તેમણે ડિસ્કવરી અને ડાયગ્નોસિસ ટુલ્સ વિશે માહિતી આપી હતી. ફાયનાન્સ, લિકવીડિટી, પર્ફોમન્સ વિગેરે બિઝનેસ પેરામીટર્સ વિશે માહિતી આપી હતી. કંપનીઓના સ્ટેટમેન્ટ ઉપર અન્ય ટુલ્સ નિર્ભર કરે છે. કંપનીના ગ્રોથ માટે તેમના માર્કેટ શેર ટુલ્સ પણ કામ કરે છે.

ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ આ સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું અને અંતે જણાવ્યું હતું કે, ચેમ્બરના સભ્યો પોતાના બિઝનેસના ગ્રોથ કરી શકે તે માટે વાધવાની ફાઉન્ડેશન દ્વારા બનાવવામાં આવેલ બિઝનેસ ડાયગ્નોસિસ ટુલ્સનો પ્રચાર ચેમ્બર દ્વારા કરવામાં આવશે.